ગાંધીનગર સમાચાર

ગોપીનાથ મુંડેને ભવ્ય અંજલિ

અશોકા રોડ પર ભાજપ ઓફિસમાં મુંડેના પાર્થિવ દેહને લઈ જવામાં આવ્યો : રાષ્ટ્રીય ધ્વજ પણ અડધી કાઠીએ

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રિય ગ્રામીણ વિકાસ પ્રધાન ગોપીનાથ મુન્ડેના માર્ગ અકસ્માતમાં

મોત બાદ ભાજપમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સહિતના તમામ રાજકીય નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને શોકની લાગણી વ્યક્ત કરી હતી. વડાપ્રધાને મુન્ડેને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ કેબિનેટની બેઠક બોલાવી હતી. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી તરફથી પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સ્મૃતિ ઈરાની મુન્ડેની પુત્રી સાથે ભાજપની ઓફિસમાં રહ્યા હતા. રાહુલ ગાંધીએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. રાહુલ ભાજપની ઓફિસે પહોંચ્યા હતા. મોદીએ પણ ભાજપની ઓફિસ પર

તેમને શ્રદ્ધાંજલિ આપી હતી જ્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. આડવાણી પણ પહોંચ્યા હતા. દરમિયાન સરકારે તેમના અવસાનના અનુસંધાનમાં રાષ્ટ્રીય ધ્વજને અડધી કાઠીએ રાખવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તમામ ઓફિસ પર રાષ્ટ્રીય

ધ્વજ અડધી કાઠીએ રહેશે. મુન્ડે ખુબ લોકપ્રિય નેતા હતા. તેમના મોત બાદ પ્રતિક્રિયા આપતા નિતિન ગડકરીએ કહ્યું હતું કે મહારાષ્ટ્ર અને ભાજપ માટે આ ખુબ મોટી ખોટ છે. જે ક્યારેય પુરાશે નહી. મુન્ડેના મોત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુખ વ્યક્ત કર્યું હતુ. ભાજપ એન અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ પણ તેમના અવસાન અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. મુન્ડે કેન્દ્રિય પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી રહ્યા હતા.ગોપીનાથ મુન્ડેના પરિવારના સભ્યો પણ દુખમાં ગરકાવ થઈ ગયા છે.

ગોપીનાથ મુંડે પ્રોફાઇલ

નામ	:	ગોપીનાથ પાંડુરંગ મુન્ડે
જન્મ તારીખ	:	૧૨ ડિસેમ્બર, ૧૯૪૯
જન્મ સ્થળ	:	નાથરા ગામ, પરેલી
મૃત્યુ તારીખ	:	૩ જુન, ૨૦૧૪
મૃત્યુ સ્થળ	:	નવી દિલ્હી
જાતિ	:	હિંદુ
રાજકીય પાર્ટી	:	ભાજપ
પત્ની	:	પ્રદ્ના મુન્ડે
બાળકો	:	પંકજા, પ્રિતમ, યસસરી
કેબિનેટમાં પ્રધાન	:	૨૬ મે, ૨૦૧૪ (ગ્રામીણ વિકાસ)
વડાપ્રધાન	:	નરેન્દ્ર મોદી
લોકસભા સભ્ય	:	૨૦૦૯- ૩ જુન ૨૦૧૪

મહાજનને મળ્યા બાદ મુન્ડે રાજકારણમાં આવ્યા હતા

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારમાં કેન્દ્રિયપ્રધાન રહેલા ગોપીનાથ મુન્ડેનુ આજે અકસ્માતમાં મોત થયું હતુ. તેઓ ભાજપના વરિષ્ઠ નેતા હતા. મુન્જે વર્ષ ૧૯૮૦-૧૯૮૫ અને ૧૯૯૦-૨૦૦૯ દરમિયાન પાંચ વખત ધારાસભ્ય તરીકે હતા. વર્ષ ૧૯૯૨-૧૯૯૫ દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે હતા. તેમના તમામ રાજકીય પક્ષો સાથે ખુબ સારા સંબંધ હતા. વર્ષ ૧૯૯૫-૧૯૯૯માં મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન તરીકે પણ હતા. વર્ષ ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૪ દરમિયાન તેઓ લોકસભા માટે ચૂંટાયા હતા. લોકસભામાં ભાજપના નાયબ નેતા તરીકે પણ મુન્ડે રહ્યા હતા. નરેન્દ્ર મોદી કેબિનેટમાં હાલમાં જ તેમની ગ્રામીણ વિકાસ અને પંચાયતી પ્રદાન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. નવી દિલ્હીમાં કાર અકસ્માતમાં તેમના મોત બાદ દેશભરમાં તેમના સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું છે. ૧૨મી ડિસેમ્બર ૧૯૪૯ના દિવસે મહારાષ્ટ્રમાં પારલી ખાતે તેમનો જન્મ થયો હતો. મધ્યમ વર્ગના વણજારી જાતિ ખેડુત પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા પાન્ડુરંગ મુન્ડે કૃષિ સાથે જોડાયેલા હતા. મુન્ડેના પત્નિ પ્રદન્યા પ્રમોદ મહાજનના બહેન છે.

મુન્ડે પરિવારના ત્રીજા બાળક તરીકે હતા.મુન્ડેની ત્રણ પુત્રીઓ છે. જે પૈકી પ્રિતમ તબીબ છે. જ્યારે યશશ્રી લોમાં અભ્યાસ કરી રહી છે. બિડ જિલ્લામાં મુન્ડે નીથરા ગામમાં સરકારી પ્રાથમિક સ્કુલમાં અભ્યાસ કરવા માટે ગયા હતા. વૃક્ષની નીચેજ ક્લાસ લાગતી હતી. ત્યારબાદ તેઓ જિલ્લા પરિષદની હાઈ સ્કુલમાં ભણવા માટે ગયા હતા. પ્રમોદ મહાજનને મળ્યા બાદ તેઓ રાજકારણમાં સામેલ થયા હતા. મહાજન તેમના નજીકના મિત્ર હતા.વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી કટોકટી દરમિયાન તેઓ આંદોલનમાં જોડાયા હતા. તેમને નાસિક જેલમાં પુરી દેવામાં આવ્યા હતા. કટોકટી ઉઠાવી લેવામાં આવ્યા બાદ તેમને જેલમાંથી છોડી દેવામાં આવ્યા હતા. ગોપીનાથ મુન્ડે જુદા જુદા હોદ્દાઓ પર કામ કર્યા બાદ હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારમાં પ્રધાન બન્યા હતા.

મુન્ડેની કારને ટક્કર મારનાર ઈન્ડિકા ડ્રાઈવરની અટકાયત

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રિય પ્રધાન ગોપીનાથ મુન્ડેની કારને ટક્કર મારનાર ઈન્ડિકાના કાર ડ્રાઈવરની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ઝડપાયેલા ડ્રાઈવરની પુછપરછ કરવામાં આવ રહી છે. ઝડપાયેલા ડ્રાઈવરની ઓળખ ગુરવિન્દરસિંહ તરીકે કરવામાં આવી છે. ૩૨ વર્ષીય સિંહ તેમની પર્સનલ ઈન્ડિયા કાર ચલાવી રહ્યા હતા. આ કાર આજે સવારે ભાજપના વરિષ્ઠ નેતા ગોપીનાથ મુન્ડેની મારૂતિ સુઝુકી એસએક્સ ચાર સાથે ટકરાઈ ગઈ હતી. પોલીસે કહ્યું હતું કે મુન્ડે જે બાજુ બેઠા હતા તે બાજુથી આ કાર ટકરાઈ હતી. દિલ્હી પોલીસ કમીશનર એમકે મીણાએ કહ્યું હતું કે સિંહે સવારમાં ટ્રાફિક લાઈટનો ભંગ કર્યો હતો કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે. પોલીસે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરવાના મામલે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. બીજી બાજુ મહારાષ્ટ્ર ભાજપ દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી છે. ભાજપના વરીષ્ઠ નેતા અવધુત વાઘે કહ્યું છે કે, આ કોઈ સામાન્ય વ્યક્તિનો અકસ્માત ન હતો બલ્કે ગોપીનાથ મુંડેનું મોત થયું છે. આમાં કાવતરું હોઈ શકે છે જેથી મામલામાં સીબીઆઈ તપાસ થવી જોઈએ. મુંડેના અવસાનથી મહારાષ્ટ્ર સહિત દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મહારાષ્ટ્રમાં મુન્ડે ભાજપના ઓબીસી ચહેરા તરીકે હતા

નવી દિલ્હી,તા. ૩

મહારાષ્ટ્રમાં ભાજપના ઓબીસી ચહેરા તરીકે ગોપીનાથ મુન્ડેને ગણવામાં આવતા હતા. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ગોપીનાથ મુન્ડેને મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં મોટી જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી હતી. રાજ્યમાં મુન્ડેને આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ-એનસીપી ગઠબંધન પાસેથી સત્તા આંચકી લેવા મોટી જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી હતી. પરંતુ ભાગ્યમાં કઈ અન્ય લખેલુ હતુ. સપ્તાહ પહેલા જ કેન્દ્રિય પ્રધાનમંડળમાં પ્રથમ વખત સામેલ થયેલા ૬૪ વર્ષીય ગ્રીણ વિકાસ પ્રધાન મુન્ડેનુ આજે સવારે દિલ્હીમાં એક માર્ગ અકસ્માતમાં મોત થયું હતુ. પાંચ વખત ધારાસભ્ય રહેલા મુન્ડેના મનમાં હમેંશા ભાજપના પ્રથમ મુખ્યપ્રધાન બનવાની ઈચ્છા હતી. લોકસભાની ચૂટણીમાં શિવ સેના-ભાજપ ગઠબંધનની જોરદાર અને ઐતિહાસિક જીતથી ઉત્સાહિત પાર્ટીમાં મુન્ડેના નામની ચર્ચા શરૂ થઈ હતી. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન તરીકે તેમના નામ પર ચર્ચા શરૂ થયા બાદ જોરદાર ગરમી હતી. ભાજપના સાથી પક્ષ શિવ સેનાને તેમના નામને લઈને વિરોધ હતો.મુન્ડેના નામને પરોક્ષરીતે ફગાવી દઈને શિવ સેનાએ કહ્યું હતું કે તેમના નેતા ઉદ્ધવ ઠાકરે એ સમજુતી હેઠળ પક્ષના મુખ્યપ્રદાન બનશે જેના જણાવ્યા મુજબ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનવાની સ્થિતીમાં શિવ સેનાના નેતા મુખ્યપ્રધાન બનશે.

જર્મની અને ઇટાલીને પાછળ છોડી આગળ

ટેક્સ ટાઈલ નિકાસ મામલે ભારત વિશ્વભરમાં નંબર બે

નવી દિલ્હી,તા. ૩

ભારતે ટેક્સ ટાઈલ નિકાસના મામલે જર્મની એન ઈટાલી જેવા દેશોને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. ભારત હવે વિશ્વમાં ટેક્સ ટાઈલ નિકાસ મામલે ચીન બાદ વિશ્વમાં બીજા ક્રમે છે. જો કે ચીનથી હજુ ભારત ખુબ પાછળ છે. ચીનની નિકાસ ભારત કરતા સાત ગણી વધારે છે. ગારમેન્ટ નિકાસકારો માટેની સંસ્થા એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતની ટેક્સ ટાઈલ નિકાસ વર્ષ ૨૦૧૩માં ૪૦ અબજ ડોલરની આસપાસ રહી હતી. જ્યારે ચીનની ટેક્સ ટાઈલ નિકાસ ૨૭૪ અબજ ડોલરની સપાટી પર પહોંચી ગઈ છે. ટેક્સ ટાઈલમાં ફાઈબર એન યાર્નથી લઈને ફેબરીક, બનાવવામાં આવેલા અને રેડીમેડ ગારમેનટનો સમાવેશ થાય છે. કોટન, સિલ્ક,

ગરમ વસ્ત્રો એન સિન્થેટિક યાર્નની ચીજોનો સમાવેશ થયા છે. રેડીમેડ ગારમેન્ટ સાથે સંબંધિત વૈશ્વિક વેપાર પૈકી ભારતની હિસ્સેદારી ખુબ મોટી છે. વરષ્ષ ૨૦૧૩માં ભારત છઠ્ઠા ક્રમે રહ્યું હતુ. ભારતમાંથી નિકાસ ૧૬ અબજ ડોલરની રહી હતી. જે દેની ટેક્સ ટાઈલ નિકાસ પૈકી ૪૦ ટકાની આસપાસ છે. ભારતે ટુર્કીને પછડાટ આપી દીધી છે.ગારમેન્ટમાં ચીનની હિસ્સેદારી આશરે ૬૦ ટકાની આસપાસ છે. જે સંકેત આપે છે કે સરકારને રેડીમેડ ઈન્ડસ્ટ્રીઝને વધુ ઝડપી બનાવવાની જરૂર છે. ચીન, ઈટાલી એન જર્મની ઉપરાંત નાના દેશો પણ હાલમાં આગળ રહ્યા હતા. સસ્તા મજદુર એન ઓછી ડ્યુટીના કારણે યુરોપ એન અમેરિકામાં રીટેલ ચેઈનને મોટા સપ્લાયર્સ તરીકે બાંગલાદેસ અને વિયતનામ પણ રહ્યા હતા. છેલ્લા થોડાક મહિનામાં ભારતે શાનદાર વાપસી કરી છે. શર્ટસ, ટ્રાઉજર્સ, સ્કર્ટસ અને અન્ય રેડીમેડ વસ્ત્રોની નિકાસમાં વર્ષ ૨૦૧૩ દરમિયાન ૨૩ ટકાનો વધારો થયો છે. હજુ તીવ્ર સ્પર્ધા થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

મારામારી કેસમાં યશવંત અને અન્ય અનેક જેલ ભેગા કરાયા

હજારીબાગ,તા. ૩

ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા અને અન્ય ૫૪ લોકોને સ્થાનિક કોર્ટ દ્વારા આજે જ્યુડીશયલ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા.ઝારખંડ રાજ્ય વિજળી બોર્ડના અધિકારીને માર મારવાના કેસમાં જામીન મેળવવાનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આરબી પાલે ૧૪ દિવસ માટે તેમને કસ્ટડીમાં મોકલી દીધા હતા. કારણ કે સિંહા અને અન્યોએ જામીન લેવાનો ઈન્કાર કર્યો હતો. સિંહા અને અન્યોની સોમવારના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ઝારખંડ રાજ્ય વિજળી બોર્ડના હજારીબાગ બ્રાન્ચના જનરલ મેનેજર દ્વારા તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેમની સામે મારામારી કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સિંહાએ મિડિયા સમક્ષ કબુલાત કરી હતી કે તેમને સુચના આપવામાં આવી હતી કે ઝાંને માર મારવામાં આવે. પત્રકારો સાથે વાતચીત કરતા સિંહાએ કહ્યું હતું કે અધિકારી સામે વ્યાપક ફરિયાદ મળી રહી હતી. ભાજપના મહિલા કર્મચારીએ વિભાગના જીએમ ધનેશ ઝાંને બાંધીને તેમને અડધા કલાક સુધી ઓફિસની બહાર રાખવામાં આવ્યા હતા. ભારે હોબાળો થયા બાદ પોલીસે પહોંચીને તેમને બચાવી લીધા હતા પરંતુ પોલીસે સેંકડો લોકોની ધરપકડ કરી હતી.

સમાચાર ઝલક

- ફિલ્મ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડને કાનૂની નોટિસ આપી.
- ફુટબોલના વર્લ્ડ કપના આયોજનના દાવા જીતવા માટે કતારે હજારો ડોલર ખર્ચ્યા
- મુંબઈના પૂર્વ કમિશનર - ભાજપના સાંસદના ફ્લેટમાં ફૂટણ ખાનું ઝડપાયું : ફ્લેટ કંપનીને ભાડે આપ્યો હતો.
- નવા એલ.પી.જી. કનેકશનની સાથે વીમાનું રક્ષણ મળશે.
- અમદાવાદના મીઠાખળી પાસેના બંગલામાં માલિકને બંધક બનાવીને સિકયોરીટીએ લુંટ ચલાવી.
- એમ.બી.એનો પરપોટો ફુટવાના આરે - સામાન્ય પગાર મળે છે.
- રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જુન માસમાં વિના મૂલ્યે ૮૦ નેત્ર યજ્ઞો ગુજરાતમાં યોજાશે.
- વડાપ્રધાન શ્રી મોદીએ સરકારી બાબુઓ અને પ્રધાનોને દોડતા કરી દીધા.
- ૪૦૦ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને ગ્રાન્ટેડ શાળાઓમાંથી છૂટા કરવાની હિલચાલ.
- ટુંક સમયમાં સનદી અધિકારીઓની બદલીના ભણકારા. કલેકટરો-કમિશનરોની બદલી થશે.
- પ્રિયંકા વાઢેરા ગાંધીના કુટુંબની સુરક્ષામાં કોઈ કચાશ રાખશે નહીં.
- નાઈજીરીયા ફૂટબોલ મેચમાં પ્રચંડ બોમ્બ વિસ્ફોટ - ૪૦નાં મોત
- દેશ લેવલે ગરમીનો પારો ૪૮ ડીગ્રીને વટાવશે. ગુરુવાર સુધીમાં પારો ૪૬ ડીગ્રી ગુજરાતમાં આંબશે.
- હાર્વર્ડમેલ મેળવનારા પ્રથમ ભારતીય બન્યા આનંદ મહિન્દ્રા.
- ફિલ્મક્ષેત્રે માતાની ભૂમિકા કરવા ભાજપના સાંસદ સભ્ય હેમામાલિનીએ એક કરોડ માંગ્યા.
- સુઝલોન કંપની બીન ઉપયોગી સંપત્તિ વેચીને રૂ. ૧૦૦૦ કરોડ ઉભા કરશે.
- આનંદો-બી.એસ.એન.એલ.ના લેન્ડલાઈન ગ્રાહકોને ૧લી જુનથી ભાડામાંથી મુક્તિ.

પોલીસી સમીક્ષા વચ્ચે ૧૭૪ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો

મુંબઈ,તા. ૩

શેરબજારમાં આજે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. મેટલના શેરમાં મજબુતી જોવા મળી હતી. ચીનના અપેક્ષા કરતા વધુ મજબુત મેન્યુફેક્ચરીંગ આંકડાના પરિણામ સ્વરૂપે સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા હતા. સેન્સેક્સમાં આજે ૧૭૪ પોઈન્ટનો સુધારો થયો હતો જેથી તેની સપાટી વધીને ૨૪૮૫૯ સુધી પહોંચી હતી. જ્યારે નિફ્ટી ૫૩ પોઈન્ટ ઉછળીને ૭૪૧૬ની સપાટીએ રહ્યો હતો. ફાઈનાન્સીયલ સેક્ટરના શેરમાં તેજી જામી હતી. કારણકે, આરબીઆઈએ મોટાભાગના પોલીસી રેટને યથાવત રાખ્યા હતા. આની સીધી અસર ફાઈનાન્સીયલ સેક્ટરના શેર પર થઈ હતી. એસએલઆરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. સંસ્થાકીય ડીલરોનું કહેવું છે કે, આજના પગલાથી ફાયદો થશે. સેન્સેક્સના જે શેરમાં તેજી નોંધાઈ હતી તેમાં તાતા સ્ટીલમાં ૬.૭ ટકાનો, સેસા સ્ટરલાઈટમાં ૬.૫ ટકા, કોલ ઈન્ડિયામાં ૫.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જોકે કેટલાક શેરમાં ઘટાડો પણ થયો હતો. જેમાં રેડ્ડીમાં ૩.૨ ટકા અને ગેલમાં ૨.૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બ્રોડર માર્કેટમાં સ્થિતિ સુધારાવાદી રહી હતી. મીડકેપ અને સ્મોલકેપમાં આશરે એક ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૯૨૦ શેરમાં તેજી અને ૧૦૯૨ શેરમાં મંદી રહી હતી. આરબીઆઈના પગલાથી બેંકીંગ શેરો પર પણ અસર થઈ હતી. વૈશ્વિક બજારોમાં આજે તેજી જોવા મળી હતી. અમેરિકા અને ચીનના આંકડા આશાસ્પદ જોવા મળ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સમાં ૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. રિયાલીટી, કેપીટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસમાં ૧-૩ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. એફએમસીજી અને હેલ્થકેરમાં ૧-૧ ટકાનો ઘટાડો થયો હતો.

વિદેશી રકમ મર્યાદાને વધારી ૧૨૫૦૦૦ ડોલર કરી દેવાઈ

મુંબઈ,તા. ૩

આરબીઆઈએ તેની પોલીસી સમીક્ષા જારી કરતીવેળા આજે કેટલાક પગલા લીધા હતા જેમાં વિદેશી હુંડીયામણ સાથે સંબંધિત નિયંત્રણોને હળવા કરવામાં આવ્યા હતા. જેમાં વ્યક્તિગત વિદેશી નાણાં મોકલવા માટેની મર્યાદાને વાર્ષિક ૭૫૦૦૦ ડોલરથી વધારીને ૧૨૫૦૦૦ ડોલર કરી દેવામાં આવી છે. રિઝર્વ બેંકે વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોને કેટલીક રાહતો આપી છે. એક્સચેન્જ આધારીત કારોબારમાં રાહત આપવામાં આવી છે. ઉદાર સ્કીમ હેઠળ વિદેશી નાણાં મોકલવા માટેની મર્યાદા હજુ સુધી ૭૫૦૦૦ની હતી જે વધારીને ૧૨૫૦૦૦ ડોલર કરવામાં આવી છે. ગયા વર્ષે આને ઘટાડવામાં આવી હતી. ડોલર સામે રૂપિયો ઝડપથી ગબડી પડતા આ મર્યાદા ઘટાડવામાં આવી હતી. વિદેશી હુંડિયામણ બજારમાં સ્થિરતા આવ્યા બાદ આ મર્યાદા ફરી એકવાર વધારી દેવામાં આવી છે.

નેપાળ : બસ ખીણમાં ગબડી જતા ૧૭ શ્રદ્ધાળુઓના મોત

નવી દિલ્હી,તા. ૩

નેપાળના દાંગ જિલ્લામાં આજે શ્રદ્ધાળુઓથી ભરચક બસ ખીણમાં ખાંપી જતાં ૧૭ શ્રદ્ધાળુઓના કરૂણ મોત થયા છે. અકસ્માતમાં ગંભીરરીતે ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓ બુટવલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં ૧૧ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મરનારમાં મોટાભાગના શ્રદ્ધાળુ બલરામપુર જિલ્લાના ગેસડી પોલીસ સ્ટેશન વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. બલરામપુરથી બચાવ ટુકડી નેપાળ જવા રવાના થઈ ચુકી છે. બલરામપુરના પોલીસ અધિકારીનું કહેવું છે કે, ગેસડી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે દિવસ પહેલા શ્રદ્ધાળુઓનો એક કાફલો નેપાળના દાંગ જિલ્લામાં સ્થિત પ્રભુનાથના દર્શન માટે ગયા હતા. સોમવારે રાત્રે નેપાળથી પરત ફરતીવેળા શ્રદ્ધાળુઓની બસ ૧૫૦ ફુટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. પોલીસનું કહેવું છે કે, આ બસમાં ૫૪થી વધુ લોકો યાત્રા કરી રહ્યા

હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક ટુકડી પણ મદદ માટે આવી હતી. યાત્રામાં પહોંચેલા લોકોના સગા-સંબંધીઓને આ અંગેની જાણ થયા બાદ તેઓ પણ ઘટનાસ્થળે રવાના થયા છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, અકસ્માતમાં ૧૭ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. લાપતા થયેલા લોકોની શોધખોળ ચાલી રહી છે. મૃતકોની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. નેપાળમાં રસ્તાઓ ખૂબ જ વિકટ હોવાના કારણે વારંવાર ગમખ્વાર અકસ્માત થાય છે. જેના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થાય છે. અકસ્માતોને રોકવા પગલા લેવાયા હોવા છતાં અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે.